## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



ડેડી મે આ વખતે દાંડિયા રમાય અને સોશિયલ ડિસ્ટસ પણ રહે... તેનાં ઉપાય દાંડીયાની લેન્થ વધારીને કરી દીધો છે...!!

# છત્રાલ ૧૮ લાખની લૂંટનો ભેદ ઉકેલાયો ફરીયાદી જ આરોપી નીકળ્યો

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર જિલ્લા કલોલ તાલુકાના છત્રાલ ખાતે બુધવારના રોજ થયેલી રૂ.૧૮ લાખની લુંટમાં ફરીયાદી જ આરોપી હોવાનું સામે આવ્યું છે. ૧૮ લાખની લુંટને પગલે પોલીસ પણ હરકતમાં આવી ગઈ હતી. આરોપીને ૬ લાખનું દેવુ થઈ જતા મિત્રો સાથે મળીને આ તરકટ રચ્યું હતું. જેમાં તે મેકઝીમ કંપનીના રૂ.૧૮ લાખ લેવા આંગડીયા પેઢીમાં ગયો તે સમયે મિત્રો સાથે મળીને લુંટનો પ્લાન ઘડ્યો હતો. પરંતુ રૂપીયાનો ભાગ પાડવા માટે એકઠા થયેલા આરોપીઓને એલસીબી પોલીસે દબોચી લીધા હતા.

મળતી વિગત મુજબ રેન્જ આઈજી અભય ચુડાસમા તેમજ જિલ્લા એસપી મયુર ચાવડાના માર્ગદર્શન અને સુચનાને પગલે પોલીસ તંત્ર દોડતુ થઈ ગયું હતું. કલોલના છત્રાલ ખાતે બુધવારના રોજ ૧૮ લાખની લુંટની તપાસમાં કલોલ તાલુકા, એલસીબી અને એસઓજી પોલીસની ટીમ કામે લાગી ગઈ હતી. પોલીસે માર્ગ પરના તમામ સીસીટીવી કેમેરાના ફુટેજ ચેક કર્યા હતા. એલસીબી પીઆઈ જે.જી.વાઘેલાની ટીમના પીએસઆઈ એ.જી.એનુરકારને લુંટમાં ઉપયોગ કરાયેલ બાઈક અને આરોપીઓ અંગે બાતમી મળી હતી.

જેથી પોલીસે પિયજ કેનાલ પાસેથી જી.જે.૦૨.ડી.એફ. -૧૦૨૨ નંબરના બાઈક સાથે યોગેશ ઉર્ફે અર્જુન ઉર્ફે પડી ચંદુભાઈ બારોટ, ( ઉં.૩૦ શ્રી ફળ સોસાયટી કલોલ), સાગર ઉર્ફે મોન્ટું રમેશજી ઠાકોર (રહે. વણસોલ ગામ કડી મહેસાણા), અને પ્રકાશજી ઉર્ફે પકો છનાજી ઠાકોર (રહે. વણસોલ ગામ કડી) ને પોલીસે પકડી પાડ્યા હતા. પોલીસ આરોપીઓને પકડવા માટે ગઈ ત્યારે ફરીયાદીને પણ ત્યાં હાજર જોતા પોલીસ પણ અચંબામાં પડી ગઈ હતી.લુંટના રૂપીયાના ભાગ માટે તેઓ એકઠા થયા હતા. પોલીસે રૂ.૧૮,૦૬,૩૦૦ રોકડા, રૂ.૫૦ હજારનું બાઈક અને એક ફોન મળી કુલ રૂ. ૧૮,૬૬,૩૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે.

## ખૂણેખાંચરેથી

- રાજયના શિક્ષણ વિભાગના સચિવ વિનોદ રાવે આજે તેમનો જન્મદિવસ સાદગીથી ઉજવ્યો હતો અને વૃક્ષારોપણ કર્યુ હતુ.
- ગાંધીનગર જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક તરીકેનો ચાર્જ નાયબ જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી મનીષા પટેલને સોંપવાના હુકમો રાજ્ય સરકારે કર્યા છે.
- સચિવાલયમાં એસ.ઓ. ટુ યુ.એસ.ની બઢતીના હુકમો એકાદ બે દિવસમાં થવાની અટકળો આજે સચિવાલયમાં સાંભળવા મળતી હતી.
- સ્વર્ણિમ સંકુલ-૧ પાસે મુકાયેલ સેનીટાઈઝેશન માટેની ટનલ છેલ્લા ત્રણેક દિવસથી બંધ હાલતમાં છે. જે કર્મચારીઓમાં ચર્ચાનો મુદ્દો બનેલ છે.
- વિધાનસભાની પેટા-ચૂંટણીને લઈ ચૂંટણી પંચે તેનો ચૂંટણી વિષયક ફરિયાદો માટેનો અલાયદો કંટ્રોલરૂમ શરૂ કર્યો છે.
- આજે ડિજીટલ સેવાસેતુના ઈ.લોંચિંગ દરમ્યાન મુખ્યમંત્રી અમદાવાદ અને બનાસકાંઠામાં વાત કરવા માગતા હતા પરંતુ કોમ્યુનિકેશન ખોરવાઈ જતાં વાતચીત કરી શક્યા ન હતા. માત્ર વન-વે જ કોમ્યુનિકેશન ચાલતુ હતુ.
- મગફળીનું ટેકાના ભાવે વેચાણ કરવા માટે જિલ્લામાં ૨૨૦૦થી વધુ ખેડૂતોએ રજીસ્ટ્રેશન કરાવ્યુ છે.

# બે દિવસમાં ૧૯૧ ઉમેદવારો સામે જાહેરનામા ભંગની ફરીયાદ

ગાંધીનગર, તા.૮

કોરોનાની વૈશ્વિક મહામારી ચાલી રહી છે. સામાન્ય નાગરીક કોરોના સામે ઝઝુમી રહ્યા છે. દરેક વ્યકિત કોરોનાથી કેવી રીતે બચવુ તેને લઈ ચિંતિત નજરે પડે છે. તેવા સમયે શહેરમાં કોઈ પણ વ્યકિતએ એકઠા થઈ આંદોલન ન કરવું તેમ અનેકવાર જીપીએસસી, એલઆરડી અને એસઆરપી ઉમેદવારોને કહેવામાં આવ્યું છે.

શહેરમાં અગાઉ બે ત્રણ વાર ઉમેદવારોને ડીટેઈન કરીને મુકત કરી દેવામાં આવ્યા હતા. તેમ છતા એસઆરપી, એલઆરડી, અને જીપીએસસીના ઉમેદવારો માનતા ન હતા અને અન્ય વ્યકિતઓ કોરોના થી સંક્રમિત થાય તે રીતે આંદોલન કરવા વારંવાર બેસી જતા હતા. ઉમેદવારો પોતાના ભવિષ્યનો વિચાર કર્યા વિના કોઈપણ તંત્રની મંજુરી વિના રાજયભરમાંથી આવેલા ઉમેદવારો બેસી જતા હતા. જેથી નાગરીકોને કોરોનાથી સંક્રમિત થતા અટકાવવા માટે પોલીસે ઉમેદવારોને અટકાવવા જરુરી બન્યા હતા.

જેથી છેલ્લા બે દિવસમાં ત્રણ ગુનાઓ નોંધી ૧૯૧ ઉમેદવારો સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે. જયારે પોલીસે ઉમેદવારોને કોઈની ચઢામણી કે સોશ્યલ મિડીયાના માધ્યમથી ખોટી વાતોમાં આવી જઈને ગાંધીનગર આવી ન જવું જોઈએ. કોરોનામાં પોતાનું અને પરિવારનું ધ્યાન રાખવુ. પોતાની કાળજી રાખવી અને આપણાથી બીજા નાગરીકો સંક્રમિત ન થાય તેનું પણ ધ્યાન રાખવુ તેવી અપીલ પોલીસ તંત્ર દ્વારા કરવામાં આવી છે.




ઉત્તરપ્રદેશના હાથરસમાં બનેલી ઘટનાના પ્રત્યાઘાત સમગ્ર દેશમાં પડયા છે. ગાંધીનગરમાં પણ તેનો વિરોધ થઈ રહ્યો છે. સત્યાગ્રહ છાવણી ખાતે બહુજન ક્રાંતિ મોરચા દ્વારા હાથરસ મુદ્દે દેખાવો અને પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. બહુજન ક્રાંતિ મોરચાના સભ્યો મોટી સંખ્યામાં આ ધરણાં પ્રદર્શનમાં જોડાયા હતા.

### ગાંધીનગર જિલ્લાના શિક્ષકો અને બિન શૈક્ષણિક સ્ટાફ પરિવાર દ્વારા

# તમામ તાલુકામાં રકતદાન કેમ્પ યોજીને ૨૧૧ બોટલ રકત એકઠું કરાયું

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરી અને જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી, જિલ્લાની વિવિધ પ્રાથમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના વિવિધ શૈક્ષણિક અને બિન શૈક્ષણિક સ્ટાફ પરિવાર, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે આજરોજ ગાંધીનગરના તમામ તાલુકાઓના બી.આર.સી. ભવન ખાતે રકતદાન શિબીરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રકતદાન શિબિર દરમ્યાન કુલ- ૨૧૧ બોટલ રકત એકઠું કરવામાં આવ્યું હતું.

સમાજમાં શિક્ષણ સાથે સંસ્કારોનું સિંચન કરવાનું ઉમદા કાર્ય શિક્ષકો દ્વારા કરવામાં આવે છે. કોરોનાની મહાબિમારી દરમ્યાન શિક્ષકો દ્વારા સમાજમાં લોકજાગૃત્તિ લાવવાના ઉમદા આશયથી ગાંધીનગર જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીની કચેરી અને જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી અને અન્ય શૈક્ષણિક સંગઠનો દ્વારા આજરોજ સમગ્ર ગાંધીનગર જિલ્લાના તમામ તાલુકામાં આ રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

ગાંધીનગર ખાતે અને રકતદાતાઓ સાથે વાતચીત વિડિયો કોન્ફરન્સના માધ્યમથી કરી હતી. સમાજને શિક્ષણ આપવા સાથે સાથે સમાજ સેવાના આ ઉમદા કેમ્પના આયોજકો અને રકતદાતાઓને સમાજમાં દષ્ટાંત રૂપ ઉમદા કાર્ય કરવા બદલ અભિનંદન પાઠવ્યા હતા. ગાંધીનગર ખાતે



બી.આર.સી.ભવન, સેકટર- ૧૨ ખાતે યોજાયેલ રકતદાન કેમ્પની મુલાકાત રાજયના શિક્ષણ વિભાગના અગ્ર સચિવ શ્રી વિનોદ રાવે લીધી હતી. તેમણે માણસા, કલોલ અને દહેગામ ખાતેના બી.આર.સી. ભવનમાં યોજાઇ રહેલ રકતદાન કેમ્પની માહિતી કાર્ય કરવા બદલ સહભાગી બનેલ તમામ શિક્ષકો અને બિન શૈક્ષણિક સ્ટાફને આ બદલ અભિનંદન પણ પાઠવ્યા હતા.

પ્રાથમિક શિક્ષણ નિયામક શ્રી એમ.આઈ.જોષીએ પણ ગાંધીનગર ખાતે યોજાયેલ રકતદાન કેમ્પની મુલાકાત લઇ રકતદાન યોજાયેલ કેમ્પને સફળ બનાવવા માટે ગાંધીનગર જિલ્લા શિક્ષણાધિકારી શ્રી ડૉ. ભરત વાઢેર, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રીમતી અર્ચનાબેન પ્રજાપતિના માર્ગદર્શન હેઠળ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે સુચારું આયોજન કરવામાં આવ્યું હતું.

## દિવ્યાંગ બાળકોને અંધજન મંડળે સ્માર્ટ ફોન આપ્યા

અમદાવાદ,તા.૮

બી.પી.એ.(બ્લાઈન્ડ પીપલ્સ એસોશિએશન-અંધજન મંડળ) દાન ઉત્સવ અંતર્ગત અને એસોસિએશન આઈસીઈવીઆઈ (આંતરરાષ્ટ્રીય કાઉન્સિલ ફોર એજ્યુકેશન ઓફ વિઝ્યુઅઈડ એમ્પાયર્ડ) માં અને વ્યક્તિગત દાતાઓના સમર્થનથી દિવ્યાંગોને સ્માર્ટ ફોન આપવાનું નક્કી કર્યું છે. ગામડાઓમાં સામાન્ય બાળકોને ઈન્ટરનેટની સમસ્યાનો સામનો કરવો પડી રહ્યો છે અને નબળી આર્થિક સ્થિતિને કારણે તે જ રીતે દિવ્યાંગો શિક્ષણ અને તાલીમથી વંચિત રહ્યા હતા તે રીતે સ્માર્ટ ફોન ખરીદવા સક્ષમ નથી. અમારી પાસે પહેલાથી જ સ્માર્ટ ફોન્સ માટે ૧૯૦ દિવ્યાંગોનું રજિસ્ટ્રેશન થઈ ચૂક્યું છે અને આજે અમે દિવ્યાંગને ૧૦ સ્માર્ટ ફોન આપીને અમારો પ્રોજેક્ટ શરૂ કર્યો છે.

વિદ્યાર્થી અને માતાપિતા હાજર રહ્યા અને તેઓને તેમના શિક્ષકો અને વિશેષ શિક્ષણશાસ્ત્રીઓ દ્વારા ફોનનો ઉપયોગ કેવી રીતે કરવો તે નિદર્શન પણ આપવામાં આવ્યું. માતાપિતાએ કહ્યું કે જેમની આર્થિક સ્થિતિ સારી નથી તે માટે તેઓએ તેમના શિક્ષકો અને વિશેષ શિક્ષણશાસ્ત્રીઓ સાથે વાત કરવા પડોશીઓનો ફોન વાપરવો પડ્યો.

# ડિજિટલ સેવા સેતુનો રાજ્યમાં પ્રારંભ

ગાંધીનગર,તા.૮

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ૨૦૨૧ સુધીમાં રાજ્યની તમામ ૧૪ હજાર ગ્રામ પંચાયતોમાં ડિઝીટલ સેવા સેતુનો વ્યાપ પહોંચાડી ગ્રામીણ નાગરિકોને ઘર આંગણે સરળ અને ઝડપી સેવાઓ આપવા ની નેમ વ્યક્ત કરી છે. મુખ્યમંત્રીએ રાજ્ય સરકારના સાયન્સ ટેકનોલોજી વિભાગે ભારત નેટ ફેઈઝ-૨ સાથે જોડાણ દ્વારા પ્રથમ તબક્કે રાજ્યની ૩ હજારથી વધુ ગ્રામ પંચાયતોમાં લોકોને ૨૭ જેટલી વિવિધ સરકારી સેવાઓ-યોજનાઓ ઘર આંગણે બેઠા પહોંચાડવાના ઐતિહાસિક કદમ ડિઝીટલ સેવા સેતુનો ગાંધીનગરથી પ્રારંભ કરાવ્યો હતો. નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ મહેસાણા જિલ્લાથી તેમજ અન્ય મંત્રીશ્રીઓ સંબંધિત જિલ્લાઓમાંથી વિડીયો કોન્ફરન્સ દ્વારા આ ડિઝીટલ સેવા સેતુના શુભારંભમાં જોડાયા હતા. મુખ્યમંત્રીએ સ્પષ્ટપણે કહ્યું કે, ગામડાના સામાન્ય માનવી, ગરીબ વ્યકિતને પ્રમાણપત્રો, દાખલા કે યોજનાઓ માટે જરૂરી દસ્તાવેજો મેળવવા તાલુકા-જિલ્લા મથકે જવું જ ન પડે તેના સમય અને નાણાં બેયનો બચાવ થાય તેવી વ્યવસ્થાઓ આ ડિઝીટલ સેવા સેતુ દ્વારા ગ્રામ્યસ્તરે જ આપણે સુનિશ્ચિત કરી




છે.વિજય રૂપાણીએ આ નવિન વ્યવસ્થા ટેકનોલોજીના મહત્તમ ઉપયોગ સાથે વહિવટી તંત્રના વર્કકલ્ચરમાં બદલાવ લાવશે. એટલું જ નહિ, કચેરીઓમાં અરજદારોની થતી ભીડભાડ પણ અટકાવશે એવો વિશ્વાસ વ્યકત કર્યો હતો.

મુખ્યમંત્રીએ કહ્યું કે, રાજયના સાયન્સ ટેકનોલોજી વિભાગે ભારત નેટ ફેઈઝ-૨ સાથે ડિઝીટલ સેવા સેતુનો ઉપક્રમ જોડીને દેશભરમાં ગ્રામીણસ્તરે ડિઝીટલ ક્રાંતિની પહેલ કરી છે. ગુજરાતમાં ૮૩ ટકા જેટલું કામ પૂર્ણ થયું છે જ્યારે અન્ય રાજ્યો તો ૧૫ ટકા સુધી જ પહોચ્યા છે. વિજય રૂપાણીએ સેવા સેતુના વિચારબીજની ભાવવાહિ ભૂમિકા આપતાં કહ્યું કે જ્યારે તેઓએ મુખ્યમંત્રી તરીકેનું દાયિત્વ સંભાળ્યું ત્યારે તેમની સમક્ષ રજૂઆતો આવેલી કે ગુજરાતની પ્રતિષ્ઠાને વધુ ઉજાગર કરવા વહિવટીતંત્રમાં સામાન્ય માનવી, નાના લોકોના કામ સરળતાએ ઘેરબેઠાં થાય તેવી વ્યવસ્થા તેઓ વિકસાવે. આ સંદર્ભમાં પારદર્શી – નિર્ણાયક અને સંવેદનશીલ પ્રશાસનની નેમ સાથે સેવા સેતુનો કાર્યક્રમ શરૂ કર્યો અને ૮-૧૦ ગામના કલસ્ટર બનાવી સરકારના અધિકારીઓ એક નિશ્ચિત દિવસે ત્યાં સવારથી જાય, લોકોના પ્રશ્નો-સમસ્યા સાંભળે અને સ્થળ પર નિવારણ લાવે તેવી વ્યવસ્થા ગોઠવી હતી એમ તેમણે ઉમેર્યુ હતું.તેમણે કહ્યું કે સેવા સેતુના આવા પાંચ રાઉન્ડમાં બે કરોડથી વધુ લોકોની સમસ્યા-પ્રશ્નોનું નિવારણ લાવ્યા છીયે. મુખ્યમંત્રીએ ઉમેર્યુ કે, ટેકનોલોજીનો ઉપયોગ જનસેવામાં કરવાની પ્રતિબદ્ધતા સાથે તેમણે ડિઝીટલ સેવા સેતુ માટે તંત્રને પ્રેરિત કર્યું. એટલું જ નહિ, છેક ગ્રામીણ વિસ્તારો સુધી ઓપ્ટિકલ ફાયબર નેટવર્ક અને નેટ કનેકટીવીટીની સ્પીડ-સ્ટેબિલીટી બેય આપીને ગામોમાં ટેકનોલોજી આધારિત વ્યવસ્થા વિકસાવી છે.

# પેથાપુર રાધે બંગ્લોઝમાં તસ્કરો ત્રાટકયા : ૯૧ હજાર મત્તાની ચોરી

અમદાવાદ માધુપુરા પોલીસ મથકે હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા અને પેથાપુર ચોકડી નજીક રાધે બંગ્લોઝમાં ચોરીનો બનાવ બન્યો છે. ઘરના દરવાજાનો નુકચો તોડી અંદર પ્રવેશેલા ચોર ઈસમોએ ૯૧ હજારની મત્તાની ચોરી કરી છે. પોલીસ જવાનના ઘરે ચોરી થતા સોસાયટીના રહીશોમાં પણ ભય ફેલાયો છે. બનાવ અંગે પેથાપુર પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



ગાંધીનગર શહેરમાં ઘરફોડના ચોરીના કિસ્સામાં વધારો થયો જાય છે. ત્યારે હવે તસ્કરો શહેર નજીકના ગ્રામ્ય વિસ્તારમાં તરખાટ મચાવી રહ્યા છે.મળતી માહિતી મુજબ કિરીટસિંહ રતનસિંહ ચાવડા અમદાવાદ ખાતે હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવે છે. પેથાપુર ચોકડી નજીક રાધે બંગ્લોઝમાં છેલ્લા એક વર્ષથી તેઓ મકાન નં.એ-૨૪ ખાતે વસવાટ કરતા હતા. રાધે બંગ્લોઝ થી તેઓ સોમવારના રોજ મેઘાણીનગર આવેલા સરકારી કવાટર્સ ખાતે ગયા હતા.

ત્યારબાદ બુધવારના રોજ સવારના અરસામાં બાજુમાં રહેતા પાડોશી મહિલાનો ફોન આવ્યો હતો. તેઓએ મકાનનો નકુચો તુટેલ હોવાનું કહ્યું હતું. જેથી અમદાવાદથી તેઓ તાત્કાલીક પેથાપુર આવી ગયા હતા. ઘરમાં આવીને જોયું તો ઘરની નીચે રહેલી તિજોરી તુટેલી હાલતમાં હતી અને સામાન અસ્તવ્યસ્ત પડ્યો હતો. જેમાં સોનાની વીંટી, કાનની સેરો, બુટ્ટી, કાનના ઝુમ્મર, અને માથાનો ટીકો ગુમ હતો. બનાવ અંગે પેથાપુર પોલીસ મથકે ચોરી અંગે ફરીયાદ નોંધાવતા પોલીસે ફિંગરપ્રિન્ટ એકસપર્ટની મદદ લઈ તપાસ શરુ કરી છે.

# આર.ટી.ઓ. કચેરીમાં સર્વર ડાઉન થતા અરજદારો ધક્કે ચઢયા

### વારંવાર ટેકનિકલ ખામીના લીધે અરજદારોના કામ અટવાય છે : પેપરલેસ કચેરીમાં સર્વર ડાઉન થવાની ખામીથી અરજદારો તોબા

ગાંધીનગર તા ૮

શહેરની હાઈટેક આર ટી ઓ કચેરીમાં વારંવાર ટેકનિકલ ખામી સર્જાતા અરજદારોએ ધકકે ચઢવાનો વારો આવે છે. આજે પણ કચેરીમાં સર્વર ડાઉન હોવાથી લાયસન્સ રીન્યુ કરાવવા સહીતની કામગીરી માટે કચેરીની મુલાકાતે આવેલા અરજદારોમાં આક્રોશ જોવા મળ્યો હતો.

શહેરની આર ટી ઓ કચેરીમાં હાલ કોરોના કાળ દરમિયાન આમ પણ અરજદારોની ભીડ ઓછી જોવા મળે છે. પરંતુ હજુ પણ આર ટી ઓમાં જુની સમસ્યા યથાવત છે. સર્વર ડાઉન થવાના લીધે આર ટી ઓ કચેરીમાં પોતાનુ કામ નિપટાવવા આવતા અરજદારોએ પણ સર્વર ડાઉન હોવાના લીધે ધક્કે ચઢવાનો વારો આવે છે. આજે પણ આર ટી ઓ કચેરીમાં સર્વર ડાઉન હતુ જેના લીધે અરજદારોએ ધક્કા ખાવાનો વારો આવ્યો હતો.

થોડા દિવસો અગાઉ પણ કચેરીનુ સર્વર ડાઉન હોવાના લીધે અરજદારો મુંઝવણમાં મુકાયા હતા. આર ટી ઓ કચેરી પેપરલેસ વહીવટ માટે નમુનારૂપ હોવાનુ મનાય છે. પરંતુ ઓછા મેનપાવર સાથે કામ કરતી આર ટી ઓ કચેરીમાં વારંવાર થતી ટેકનિકલ ખામીના લીધે અરજદારો ના કામો પણ અટવાય છે.

આર ટી ઓ કચેરી આમ પણ લાંબા સમયથી દુવિધાઓથી ઘેરાયેલી છે. પર્યાપ્ત પાર્કીંગ વ્યવસ્થાના અભાવે આર ટી ઓ કચેરી બહાર મુખ્ય ગ માર્ગ પર વાહનોનો ખડકલો થાય છે. જેના લીધે ગ માર્ગ પર માર્ગ સલામતી પણ જોખમાય છે. ત્યારે આ વિસ્તારમાં યોગ્ય ટ્રાફિક નિયમન થાય તે પણ અનિવાર્ય છે. સ્થાનિક રહીશોમાં પણ આ વિસ્તારમાં વધતા દબાણો દુર કરવા માટે અને માર્ગ સલામતી જળવાય તે માટે જરૂરી પગલા લેવાની માંગ ઉઠવા પામી છે.





ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્યની કચેરી, ગાંધીનગર દ્વારા સલામતી માસની ઉજવણી થઈ રહી છે. આ અંતર્ગત લીંકન ફાર્માસ્યુટીકલ્સ, ખાત્રજ અને ગુજરાત ક્રાફટ પ્રા.લી. વડસર ખાતે ફાયર મોક ડ્રીલ યોજવામાં આવી હતી.


## નાણા વિભાગની ગાડીઓની જાહેર હરાજી

નાણા વિભાગ હસ્તકના નીચે મુજબના ત્રણ વાહનના નિકાલ માટે જાહેર હરાજી તા. ૨૭/૧૦/૨૦૨૦ના રોજ બપોરે ૩:૦૦ કલાકે રાખેલ છે.

| ક્રમ | વાહન નંબર | મોડલ | વર્ષ | તળિયાની કિંમત | ડિપોઝીટની રકમ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | GJ-18-G 2727 | Maruti Suzuki SX4 VXI, Petrol+CNG | ૨૦૦૯ | રૂ. ૧,૦૦,૦૦૦/- | ૧૦,૦૦૦/- |
| ૨ | GJ-18-G 5757 | TATA SUMO GOLD, Diesel | ૨૦૧૨ | રૂ. ૬૫,૦૦૦/- | ૬,૫૦૦/- |
| ૧ | GJ-18-G 2696 | Maruti Suzuki SX4 VXI, Petrol+CNG | ૨૦૦૯ | રૂ. ૧,૫૦,૦૦૦/- | ૧૫,૦૦૦/- |

- હરાજીમાં ભાગ લેવા માટે રસ ધરાવતા ઈસમોએ કોલમ-૬માં દર્શાવ્યા મુજબની ડિપોઝીટની રકમ રોકડેથી તા. ૨૭/૧૦૨૦૨૦ના રોજ ૧૧:૦૦થી ૨:૦૦ કલાક સુધીમાં નાણા વિભાગની રોકડ શાખામાં ભરવાની રહેશે.
- જાહેર હરાજી અંગેની શરતો અને અન્ય વિગતો નાણા વિભાગની વેબસાઈટ http://financedepartment.gujarat.gov.in ઉપર દર્શાવ્યા મુજબ છે.
- વધુ માહિતી માટે નાણા વિભાગને મહેકમ શાખા (ટ શાખા)નો સંપર્ક કરવો.

સહી/- (બી.એસ. મિસ્ત્રી)
ઉપસચિવ, નાણા વિભાગ
બ્લોક નં. ૪/૯મો માળ, સચિવાલય, ગાંધીનગર